# કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો કેમ્પસ ખાતે
# જીલ્લા કક્ષા પશુપાલન શિબિર અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો ખાતે પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત ખેડા પશુ દવાખાના, વસો અને કૃષિ મહાવિદ્યાલય આકૃયુ, વસોના સંયુકત ઉપક્રમે માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાનાં માર્ગદશન હેઠળ તા. ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ જીલ્લા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ડૉ. કે. જી. બ્રહ્મક્ષત્રી, વિભાગીય સંયુક્ત નિયામક, પશુપાલન, અમદાવાદ વિભાગ, ડૉ. સી. એમ. રાણા નાયબ પશુપાલન નિયામક, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ અને ડૉ. બી.સી. પટેલ, આચાર્ય અને યુનિટ વડા, કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિષય નિષ્ણાતો દ્વારા પશુપાલન વિષેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ ગુજરાત સરકાર દ્વારા પશુપાલન અંગેની વિવિધ સહાય યોજનાની જાણકારી આપી અને તેનો લાભ લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક અભિગમ થકી નફાકારક પશુપાલન વિષે ડૉ. એમ. એન. જેગોડા, મદદનીશ પ્રાધ્યાપક (પશુ વિજ્ઞાન) દ્વારા સચોટ માહિતી આપીને પશુપાલકોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ખેડા જિલ્લાના વિવિધ ગામોના અંદાજીત ૨૫૦ પશુપાલક- ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ડૉ. જે.બી. રબારી, વેટરનરી ઓફીસર, પશુ દવાખાના, વસો દ્વારા આભારવિધિ કરીને કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરેલ.

*************


પશુપાલન ખાતુ, ગુજરાત રાજ્ય
પશુપાલન શાખા, જીલ્લા પંચાયત ખેડા
અને પશુ દવાખાના વસો દ્વારા આયોજીત
કૃષિ મહાવિદ્યાલય આ.કૃ.યુ. વસોના સહયોગથી
જીલ્લા કક્ષા
પશુપાલન શિબિર
કમ
તા. 31/01/2024,
૯:૦૦ થી ૧:૦૦
વસો, તા. વસો, જી. ખેડા




પશુપાલન ખાતુ, ગુજરાત રાજ્ય
પશુપાલન શાખા, જીલ્લા પંચાયત ખેડા
અને પશુ દવાખાના વસો દ્વારા આયોજીત
કૃષિ મહાવિદ્યાલય આ.કૃ.યુ. વસોના સહયોગથી
જીલ્લા કક્ષા
પશુપાલન શિબિર
કમ પ્રદર્શન
તા. 31/01/2024, બુધવાર
સમયઃ ૯:૦૦ થી ૧:૦૦
સ્થળઃકૃષિ મહાવિદ્યાલય આ.કૃ.યુ. વસો, તા. વસો, જી. ખેડા





********************